सत्यमेव जयते

| | |
|---|---|
| **દાખલ તારીખ** | **૧૮–૦૫–૨૦૧૯** |
| **રજીસ્ટરે લીધા તારીખ** | **૧૮–૦૫–૨૦૧૯** |
| **ફેંસલ તારીખ** | **૨૨–૦૮–૨૦૨૩** |
| **સમયગાળો** | **વર્ષ માસ દિવસ<br>૦૪ ૦૩ ૦૪** |

**સુરતના મહે. આઠમા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમા , સુરત**

**ફો.કેસ.નં. –૨૦૪૭૨/૨૦૧૯**
**આંક– ૩૦**

**ફરિયાદી :–** રાજય સરકાર

વિરૂધ્ધ

**આરોપી:–** (૧)હાર્દીક અશોકભાઈ મહેતા
ઉ.વ. ૨૧, રહે.ઘર નં.૧, શ્રેણીક પાર્ક સોસાયટી, પટેલ પ્રકાશ સોસાયટીની બાજુમા, રાંદેર, સુરત

(૨) નાગેન્દ્રકુમાર કુનવર સીંગ
ઉ.વ. ૨૯, રહે. સી/૪૦૭, સુર્યા ફલેટસ, મહાલક્ષ્મી મંદીર પાસે, આનંદ મહલ રોડ, અડાજણ , સુરત

**<u>ગુનો: ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(ઈ)(એ),૮૧,૯૮(૨) મુજબ</u>**

---

ફરીયાદી તર્ફે વિ.એ.પી.પી.શ્રી – એ.એમ.ટુંબડા
આરોપી તર્ફે વિ.વ.શ્રી – ડી.એન.મહાજન

---

**:: ઠ રા વ ::**

(૧) ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગરી કરી તા. ૨૦/૦૩/૨૦૧૯ ના રોજ રાંદેર, પટેલ પ્રકાશ સોસાયટીની બાજુમાં, શ્રેણીપાર્ક સોસાયટી ઘર નં.૧ ની સામે જાહેરમાં આરોપી નં. ૧ નાઓ વિદેશી દારૂની બાટલીઓ નંગ-૦૭ કિં.રૂ. ૬૨૦૦/-નું વેચાણ કતા તથા આરોપી નં.૨ નાઓ પોતાના કાળા કલરની એકસેસ મો.સા. કિં.રૂ. ૪૦,૦૦૦/-ઉપર દારૂનો જથ્થો ખરીદ કરતા પકડાઈ જઈ તથા તેઓની અંગ ઝડતીના મોબાઈલ ફોન નંગ.૦૨ કિં.રૂ.૩૦,૦૦૦/- મળી કુલ્લે કિં .રૂ.૭૬,૨૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ધી ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ-૬૫(ઈ)(એ),૮૧,૯૮(૨) મુજબનો ગુનો કરેલ છે.

(૨) ફરીયાદીએ બનાવ અંગે ફરીયાદ આપેલ. જે ફરીયાદ રાંદેર પોલીસ સ્ટેશનમા (સુરત) ગુ.ર.નં.૯૫/૨૦૧૯ થી પ્રોહી. એકટની કલમ- ૬૫(ઈ)(એ),૮૧,૯૮(૨) મુજબની નોં ધાયેલ. ત્યારબાદ આ ગુના અંગે તપાસનીશ અધીકારીએ તપાસ કરી, મુદ્દામાલ રીકવરીનું પં ચનામુ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, બાદ આરોપીઓને ધોરણસર અટક કરી, તપાસના અંતે પુરતો પુરાવો જણાતા આરોપીઓ વિરૂધ્ધ ધી ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ-૬૫(ઈ)(એ),૮૧,૯૮(૨) અન્વયે ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૩) આરોપીઓ સામે ચાર્જશીટ રજુ થતા તેમની સામેના ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓને સમન્સ કરવામા આવેલ જેના અનુસંધાને આરોપીઓ અદાલતમાં હાજર થયેલ. ત્યાર બાદ, આંક-૫ થી તહોમતનામું ફરમાવેલ, જે લગત આંક-૬,૭ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની માંગણી કરતા કેસ આગળ ચલાવવામાં આવેલ અને આ કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષે નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

**મૌખિક પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ હર્ષદ દગડુ પાટીલની જુબાની | ૧૩ |
| ૨ | પંચ સાહેદ મોહમ્મદ અસ્લમ ઈકબાલ મન્સુરીની જુબાની | ૧૫ |
| ૩ | ફરિયાદી હે.કો. દિલીપસિંહ કેશરીસિંહની જુબાની | ૨૬ |
| ૪ | ત.ક.અ. પી.એસ.આઈ. દિપેન્દ્ર ડી.ચૌહાણની જુબાની | ૨૯ |

**<u>લેખિત પુરાવા</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૨૭ |
| ૨ | રીકવરી પંચનામુ | ૧૪ |

(૫) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી.ની મૌખીક વિનંતીથી પુરાવો બંધ કરી, આરોપીઓનુ ક્રિ.પ્રો.કો.ની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધતા, અમો તદ્દન નિર્દોષ છીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. કે અમારા કબજામાંથી કોઈ દારૂ મળેલ નથી. અમોને તદ્દન ખોટી રીતે હાલના ગુનાના કામે સંડોવી દીધેલ છે.

(૬) ત્યારબાદ બંને પક્ષની દલીલો સાંભળવામાં આવેલ અને સદર કેસમાં આખરી નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગરી કરી તા. ૨૦/૦૩/૨૦૧૯ ના રોજ રાંદેર, પટેલ પ્રકાશ સોસાયટીની બાજુમાં, શ્રેણીપાર્ક સોસાયટી ઘર નં.૧ ની સામે જાહેરમાં આરોપી નં. ૧ નાઓ વિદેશી દારૂની બાટલીઓ નંગ-૦૭ કિં.રૂ. ૬૨૦૦/-નું વેચાણ કતા તથા આરોપી નં.૨ નાઓ પોતાના કાળા કલરની એકસેસ મો.સા. કિં.રૂ. ૪૦,૦૦૦/-ઉપર દારૂનો જથ્થો ખરીદ કરતા પકડાઈ જઈ તથા તેઓની અંગ ઝડતીના મોબાઈલ ફોન નંગ.૦૨ કિં.રૂ.૩૦,૦૦૦/- મળી કુલ્લે કિં .રૂ.૭૬,૨૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ધી ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ-૬૫(ઈ)(એ),૮૧,૯૮(૨) મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

**:: કા ર ણો ::**

**મુદા નંબર :–૧**

(૮) ફોજદારી કાર્યરીતીનો પાયાનો સિધ્ધાંત છે કે, ફરીયાદ પક્ષે પોતાનો કેસ આરોપીઓ વિરૂધ્ધ શંકાથી પર રીતે સાબિત કરવાનો હોય છે. જો તેમ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ જાય તો તેનો લાભ સીધો આરોપીઓને મળવાપાત્ર છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરીયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહીને સાબિત કરવાની હોય છે, જયારે આરોપીઓએ પોતાના બચાવમા ફકત સંભવિતતાની શકયતા દર્શાવવાની હોય છે.

(૯) આ કામે આંક–૧૩ અને ૧૫ થી પંચોને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ''પોલીસ થોડા સમય પહેલા મને પોલીસસ્ટેશને બોલવી, મને તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા મે તેમાં સહી કરેલી, તેમાં શું લખ્યુ તેની મને ખબર નથી. પોલીસે મને પોલીસ સ્ટેશન સિવાય અન્ય કોઈ જગ્યાએ બોલાવેલ નથી. પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ તરીકે મે સહી કરેલ જે હું ઓળખી બતાવું છું'' બચાવપક્ષની સમતીથી પંચનામાની નકલ રજુ રાખેલ આંક –૧૪ આપવામાં આવે છે. આ સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોવાથી એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતી થી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવે છે. ત્યાર બાદ સદરહુ સાહેદની કોર્ટની પરવાનગી પછી એ.પી.પી.શ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલી છે. જેમાં પણ પંચ ફરીયાદપક્ષને કેસને સમર્થનકારી પુરાવો આપતા નથી. ત્યાર બાદ આરોપીના વિ.વ.શ્રી દવારા સદરહુ પંચોની ઉલટ તપાસ કરવામાં આવેલી છે. જેમાં પંચો એ વાતનો સ્વીકાર કરે છે કે પંચનામાના વિષે તેઓ કશુ જાણતા નથી.

(૧૦) ફરીયાદ પક્ષ ધ્વારા, આ કામના આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા આંક–૨૬ થી ફરિયાદીએ અદાલત સમક્ષ થયેલ તેમના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૧૯ માં પી.સી.બી. શાખામાં ફરજ બજાવતા હતા.ત્યારે તેઓ તા.૨૦/૦૩/૧૯ નાં રોજ તેઓની નોકરી એસ.ઓ.જી. શાખા માં હતી. તે દરમ્યાન પોલીસનાં અન્ય સ્ટાફનાં માણસો રાં દેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ફરતાં ફરતાં અડાજણ ,ભુલકાભવન પાસે આવતાં તેઓની સાથેનાં પો.કો.કર્ણ રામજીભાઈ નાઓને બાતમી મળેલ કે રાંદેર,પટેલ પ્ર કાશ સોસા.ની બાજુમાં આવેલ,શ્રેણીક પાર્ક સોસા.,ઘર નં.૧ માં હાર્દિક મહેતા નામનો ઈસમ ઈંગ્લી શ દારૂ નું વેચાણ કરે છે,જેથી નજીક માંથી બે પંચો નાં માણસો ને બોલાવી પંચો તથા પોલીસ સ્ટાફનાં માણસોને બાતમી હકીકતથી વાકેફ કરી,ઉપરોકત બાતમીવાળી જગ્યાએ રેડ કરતાં ત્યાં તમો આરોપીઓ હાજર મળી આવેલા. તમો આરોપીઓની અંગઝડતી કરતાં બે મોબાઈલ ફોન મળી આવેલ,જેની કિંમત રૂા.૩૦૦૦૦/– ગણી શકાય.તમો આરોપી ડીકીમાં તપાસ કરતાં તેમાં થી ઈંગ્લીશ દારૂની બોટલો નંગ–૨ મળી આવેલ,જેની કિંમત રૂા.૫૫૫૦/– ગણી શકાય. ત્યાર બાદ ઘરમાં પંચો રૂબરૂ તપાસ કરતાં પલંગની નીચેથી ઈંગ્લીશ દારૂની બોટલો નંગ–૫ મળી આવેલ,જેની કિંમત રૂા.૬૨૦૦/– ગણી શકાય. મળી આવેલ ઈંગ્લીશ દારૂ માંથી નમુના માટે એક પ્લાસ્ટીકની બાટલીમાં ૧૮૦ મી.લી. દારૂ ભરી લઈ બાટલીના મોઢે બુચ મારી સીલ મારી મારી તથા પંચોની સહી કરી તપાસ અર્થે કબજે લીધેલી.સદર પકડાયેલ મુદ્દામાલ બાબતે પાસ પરમીટ માંગતાં તે ન હોવાનું જણાવેલ. ઉપરોકત બાબતની ફરીયાદ અમોએ આપેલી જે ફરીયાદની નકલ મને બતાવવામાં આવે છે, જેમાં તેઓની સહી છે જે હું ઓળખુ છું, જે ફરીયાદ ને બચાવ પક્ષની સં મતિથી રજુ દાખલ આંક–૨૭ આપવામાં આવે છે. આરોપીને હું ઓળખું છું.આરોપી નામ. કોર્ટમાં હાજર છે તે જ છે. ત્યાર બાદ આરોપીના વી.વ.શ્રી દવારા ફરીયાદી ની ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, પેટ્રોલીંગ અંગેની નોંધ તેઓએ સ્ટેશન ડાયરીમાં નોંધેલ નહી. તેઓએ ફરીયાદમાં પંચો નામ અને સરનામાં જણાવ્યા નથી. તેઓ પેટ્રોલીંગમાં કેટલા વાગે નીકળ્યા અને બાતમી હકીકતવાળી જગ્યાએ કેટલા વાગે પહોચ્યાં તેનો સમય ફરીયાદમાં દર્શાવેલ નથી. બનાવવાળો વિસ્તાર એ ગીચ વસ્તીવાળો વિસ્તાર છે.

(૧૧) ત્યાર બાદ આ કામે આંક–૨૯ થી ત.ક.અ. પી.એસ.આઈ. દિપેન્દ્ર ડી.ચૌહાણ ને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૦/૦૩/૨૦૧૯ ના રોજ તેઓ રાંદેર પો.સ્ટેશનમાં ફરજ બજાવતા. તે દરમ્યાન તેઓને રાંદેર પોલીસ સ્ટેશન તરફથી રાંદેર થર્ડ ગુ.ર.નં.૯૫/૧૯ ની ફરીયાદ તથા પંચનામા તપાસ અર્થે મળેલ. ત્યારબાદ તેઓએ સાહેદોના નિવેદન લઈ. મુદ્દામાલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ માટે મોકલી આપેલ. આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ. ત્યાર બાદ આરોપીના વી.વ.શ્રી દવારા ત.ક.અ. ની ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓ રેડમાં ગયેલ નહી. તપાસ વખતે તેઓને ફરીયાદ અને પંચનામુ આપવામાં આવેલુ. ગુનાવાળી જગ્યા ગીચ વસ્તી વાળો વિસ્તાર છે. આ કામે પકડાયેલ દારૂ બનાવતી કંપનીમાં જઈ કોઈ તપાસ કરેલ નથી. ગુનાવાળી જગ્યા આરોપીના માલીકીની હોય તે બાબતનો કોઈ પુરાવો ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી.

(૧૨) સમગ્રરીતે મુલ્યાંકન/અર્થઘટન કરવામાં આવે તો, એ હકીકત નિર્વિવાદીત છે કે, ફરીયાદ પક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓ ની કબજા ભોગવટાની એકસેસ મોપેડ માંથી વિદેશી દારૂ મળી આવેલ છે. પરંતુ આ કામે પંચ સાહેદોની જુબાની જોવામાં આવે તો તેઓએ ફરીયાદ પક્ષના કેસને બિલકુલ સમર્થન આપેલ નથી. એટલે કે પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસથી તદ્દન વિરૂધ્ધની જુબાની આપેલ છે. આમ, પંચ સાહેદોની હાજરીમાં આ કામના આરોપીઓ ના કબ્જા ભોગવટામાંથી દારૂ મળી આવેલ હોય તેવી કોઇ જ હકીકત બંને પંચ સાહેદોની જુબાનીમાંથી નીકળી આવતી નથી. આમ, પોલીસ સાહેદોના પુરાવાને પંચ સાહેદોનુ સમર્થન મળેલ નથી. તેમજ મુદ્ધામાલ વિદેશી દારૂની બોટલોની બ્રાન્ડ અંગેની ખરાઇ કરવા ત.ક. અમલદારે કોઈ તપાસ કરેલ નથી અને તે હકીકતનો ખુદ ત.ક. અમલદારે ઉલટ તપાસ દરમ્યાન સ્વીકાર કરેલ છે. તેમજ ત.ક. અમલદારે તેમની જુબાનીમાં વિદેશી દારૂને પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ. માં મોકલેલ હોવાની હકીકત જણાવે છે, પરંતુ તે અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ થયેલ નથી. આમ, આ કામના આરોપીઓ ની ગુન્હામાં સંડોવણી શંકાથી પર પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોવાનુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે. આમ, ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ, આ કામના આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાની હકીકત વાજબી શંકાથી પર, રીલાએબલ, વિશ્વાસપ્રેરક અને કોજન્ટ પુરાવો રજુ કરી પુરવાર કરી શકેલ ન હોઇ, આ સંજોગોમાં આરોપીને ગુન્હા સાથે સાંકળીને સજા કરી શકાય નહી.

(૧૩) વધુમાં, ઉપર્યુક્ત કરેલ પુરાવાની ચર્ચાના સંદર્ભમાં નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓની ચર્ચા કરવી આ તબક્કે જરૂરી માનુ છું. જેમાં પ્રથમ નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ***THE STATE OF GUJARAT Versus YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH), 2016(4) GLR 3159*** ઉપર પ્રસિધ્ધ ચુકાદાના પેરેગ્રાફ નં.૧૦ માં નીચે મુજબ અવલોકન કરેલ છે.

*10. On overall examination of the evidence on record, it appears that from the seven witnesses examined belonged to police, department. Two are independent panch witnesses who have been examined and they have deposed that they were called at police station and they have unloaded the rice bags and boxes containing liquor from the truck and in token thereof, they have signed. The learned Trial Court has recorded the finding that the investigating agency failed to prove conscious possession of aforesaid foreign liquor qua present respondents as well as failed to even carry out the sealing procedure in accordance with the settled guidelines issued so far dealing with such cases are concerned and further also failed to disclose during the investigation the labels indicating the brand of such liquor. However, on perusal of entire evidence on record, this Court finds that while PSI Shri Vaghela received secret information, then, he could not have carried out all the investigations as regards carrying out raid, lodging complaint, carrying out all the investigation and even filing of charge sheet. In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and*

*proper.*

(૧૪) વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટે ***MANSIBHAI MULUBHAI KATHI DARBAR Versus STATE OF GUJARAT***, *2012(0)* ***AIJEL-HC 226798*** ઉપર પ્રસિધ્ધ ચુકાદાના પેરેગ્રાફ નં.૬ અને ૭ માં નીચે મુજબ ઠરાવેલ છે.

***6.*** *From the record it clearly appears that the Panchas have not supported the case of prosecution. It also appears that, except the Panch witness and Police witnesses, the prosecution has not examined any independent witness to support the case of the prosecution and there is no mentioned either in the panchnama or in the complaint or in the deposition of witnesses that the bottle was sealed and intact and there was label indicating the name of its manufacturer. Section 116B of the Bombay Prohibition Act would read as*

*under :*

*"SECTION – 116B – Where in any trial for any offence of unlawful possession of liquor under this Act, it is provided that the accused person was in the possession of any sealed bottle bearing the original label indicating the name of any known brand of spirits, such as whisky, brandy, rum, gin, club-cup, liquors, milk phunch or of wines such as champagne etc...... and the name of its manufacturer it shall be presumed that the accused person was in possession of liquor."*

*As per the said Section, before a presumption can be raised there-under, it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brand of spirits and also the name of the manufacturer. From the record, It clearly appears that at least the*

*condition regarding the manufacturer of the bottles in question has not been fulfilled in the present case.*

***7.*** *In the present case, it is clearly appeared that the Panchas have not supported the case of the prosecution and there is no mention in the panchnama regarding the seal and slip rapped on the bottle and the recovery of muddamal from the applicant – accused is also doubtful. No indpendent witness is examined to support the case of prosecution. There are also number of material contradictions in the evidence of witnesses. Therefore, in my opinion both the Courts below have committed error in holding the applicant – accused guilty of the offence charged against him.*

(૧૫) ઉપરોક્ત બંને ચુકાદાઓમાં નામ. વડી અદાલતે જે સિધ્ધાત પ્રતિપાદીત કરેલ છે, તે પ્રસ્તુત કેસમાં લાગુ પડે છે, કારણ કે હાથ ઉપરમા કેસમાં પંચ સાહેદોએ પંચનામાની હકીકતને બિલકુલ સમર્થન આપેલ નથી. જેથી આ સંજોગોમાં ધી પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬બી મુજબનુ અનુમાન પણ કરી શકાય તેમ નથી.

(૧૬) તાજેતરમાં નામ. સર્વોચ્ચ અદાલતે **દિગંબર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ, (૨૦૧૯) ૪ એસ.સી.સી. પેજ નં.૫૨૨** ઉપર પ્રસિધ્ધ ચુકાદાના પેરેગ્રાફ નં.૧૫ તથા ૧૯ માં નીચે મુજબ ઠરાવેલ છે કે,

*15. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of*

*proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.*

*19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [see Kali Ram v .State of H.P.[ Kali Ram v. State of H.P.,(1973) 2 SCC 808.*

(૧૭) આમ, ઉપરોક્ત ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ દ્બારા કરવામાં આવેલ અવલોકન ધ્યાને લેતાં તેમાં એવુ ઠરાવેલ છે કે, ફોજદારી કેસમાં અનુમાન કે અટકળના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાયદાકીય પુરાવાનુ સ્થાન લઇ શકે નહી. વધુમાં ફોજદારી કેસમાં જ્યારે રેકર્ડ પર પડેલ પુરાવાના અંતે બે અલગ અલગ વ્યુ(અભિપ્રાય) એટલે કે એક જે આરોપીને સજા કરવાનો બનતો હોય અને બીજો આરોપીઓની નિર્દોષતાનો અભિપ્રાય બનતો હોય તેવા સંજોગોમાં આરોપીની તરફેણનો એટલે કે, આરોપીઓની નિર્દોષતા તરફ દોરી જતો અભિપ્રાય અદાલતે અપનાવવો જોઇએ. તેમજ ક્રીમીનલ જ્યુરીસપ્રુડન્સના સિધ્ધાત મુજબ તેમજ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઇ મુજબ પણ સામાન્ય રીતે પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર જ હોય છે અને તે કયારે આરોપીઓ ઉપર શીફ્ટ થાય નહી. ફરીયાદપક્ષ દ્બારા આરોપીઓ ને તકસીરવાન ઠરાવવા માટે શંકારહીત, મજબુત, સચોટ અને સ્પષ્ટ પુરાવો રજુ કરવો જોઇએ. આરોપીઓ ના નબળા બચાવનો લાભ ફરીયાદ પક્ષને મળે નહી. આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા તેમજ હાલના કેસમાં રેકર્ડ ઉપર પડેલ પુરાવાનુ સમગ્રતયાં વિશ્લેષણ કરતાં હાલના કેસમાં બે વ્યુ બને છે, જેથી અદાલત આરોપીઓ ની તરફેણનો વ્યુ અપનાવે છે. આમ, આ કામે બંને પક્ષના વિ. વકીલશ્રીઓની દલીલ તથા રજુ થયેલ લેખીત તેમજ મૌખિક પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ આરોપીઓ ફરમાવવામાં આવેલ તહોમતમાં

જણાવ્યા મુજબનો ગુનો આ કામના આરોપીઓ એ જ કર્યો હોવાની હકીકત શંકાથી પર સાબિત કરી શકેલ ન હોઇ, આ કેસના નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થિત થયેલ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ – ૨૪૮(૧) અન્વયે આ કામના આરોપીઓ ને ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ)(એ),૮૧,૯૮(૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી આથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ વાહન એકસેસ મોપેડ તથા મોબાઈલ ફોન નંગ–૨નો વચગાળાનો જો કોઇ હુકમ કરવામાં આવેલ છે, તેને આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે. વિકલ્પે વચગાળાનો કોઈ હુકમ કરવામાં ન આવ્યો હોય તો મુદ્દામાલ વાહન તેના સાચા અને ખરા માલિકની ખરાઇ કરી તેને પરત સોંપવો તેવો હુકમ કરવામાં આવે છે, તેમજ મુદ્દામાલ વિદેશી દારૂનો અપીલ પીરીયડ બાદ ધોરણસર નાશ કરવો.

(૩) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(ક) અન્વયે આરોપીના જામીનખત અપીલ સમય સુધી અથવા ૬ (છ) માસ સુધી ચાલુ રાખવામાં આવે છે.

**આ હુકમ આજ રોજ તા.૨૨–૦૮–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં લખી, વાંચી સંભળાવી જાહેર કર્યો**

**Place :** સુરત.
**Date : 22/ 08 /2023**

(વિષ્ણુ ડી. દવે)
**JUDGE CODE - GJ01646**
**આઠમા એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.**
**સુરત.**